# GUJARAT UNIVERSITY

**પીએચ.ડી. ની પ્રવેશ પરીક્ષા શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ અંગે અગત્યની સુચનાઓ**

- તા.૧૭/૦૭/૨૦૨૫ થી તા.૨૭/૦૭/૨૦૨૫ સુધી ઓનલાઈન પીન ખરીદી કરવાનું રહેશે.
- તા.૧૭/૦૭/૨૦૨૫ થી તા.૨૭/૦૭/૨૦૨૫ સુધી Smarth Portal પર ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. રજીસ્ટ્રેશન ફી રૂ.૧૦૦૦/- રહેશે. તથા જે તે વિષયની એલીજીબીલીટી અનુસાર રજીસ્ટ્રેશન પ્રોસેસ કરવાની રહેશે. (વિગતવાર ટાઇમ ટેબલ વેબસાઇટ ઉપર ઉપલબ્ધ છે. જે જોવા વિનંતી)
- **હાર્ડકોપીમાં ડોક્યુમેન્ટ્સ, સમર્થ ફોર્મ, માર્કશીટો/NET/GSET/GATE/ સાથે કેટેગરી પ્રમાણપત્ર તથા અન્ય તમામ જરૂરી ડોક્યુમેન્ટ્સ વ જેતે સંલગ્ન વિભાગમાં સબમીશન તા.૧૭/૦૭/૨૦૨૫ થી ૨૯/૦૭/૨૦૨૫ સુધીમાં રજાના દિવસો સિવાય, કામકાજના દિવસે કાર્યાલયના કામના કલાકો દરમિયાન જમા કરવાના રહેશે.**
- પીએચ.ડી. માટે આ મુજબનું હેતુલક્ષી (MCQ) પ્રકારનું પ્રશ્નપત્ર રહેશે:

| ક્રમ | વિદ્યાશાખા | કુલ પ્રશ્નો | રીસર્ચ મેથોડોલોજી/જનરલ એનાલીટીકલ સ્કીલ/મેન્ટલ એબીલીટી/રીઝનીંગ અને અંગ્રેજી કોમ્યુનીકેશન (પ્રશ્ન ન. ૧ થી ૫૦) | વિષયને આનુષાંગિક (પ્રશ્ન ન. ૫૧ થી ૧૦૦) |
|---|---|---|---|---|
| ૧. | પીએચ.ડી. | ૧૦૦ | ૫૦ | ૫૦ |

- હેતુલક્ષી (MCQ) પેપર્સમાં પાંચ ઓપ્સન A to E રહેશે.
- પ્રવેશ પરીક્ષામાં નેગેટીવ માર્કિંગ રહેશે નહી. રિસર્ચ મેથોડોલોજી/જનરલ એનાલીટીકલ સ્કીલ/મેન્ટલ એબીલીટી/રીઝનીંગ અને અંગ્રેજી કોમ્યુનીકેશનની પરીક્ષાના પ્રશ્નોનું માધ્યમ ગુજરાતી તથા અંગ્રેજી રહેશે. ભાષા વિષયને આનુષાંગિક પરીક્ષાના પ્રશ્નોનું માધ્યમ જે તે ભાષા વિષયાનુસાર રહેશે. ભાષા સિવાય તમામ વિષય ને આનુષાંગિક પરીક્ષાના પ્રશ્નોનું માધ્યમ ગુજરાતી તથા અંગ્રેજી રહેશે.
- પીએચ.ડી. પ્રવેશ પરીક્ષા તા.૧૨/૦૮/૨૦૨૫ નાં રોજ સવારે ૧૨.૦૦ થી ૨.૦૦ દરમ્યાન ઓફ્લાઈન (OMR બેઈઝ) ગુજરાત યુનિવર્સિટી કેમ્પસમાં યોજાશે. ઉપરોક્ત પ્રવેશ પરીક્ષા તારીખ/સ્થળ તથા સમય પરિસ્થિતી ને આધીન ફેરફાર થઈ શકશે.
- ભવનો બહારનાં વિષયોની પ્રવેશ પરીક્ષા કે.એસ.સ્કુલ ઑફ બિઝનેશ મેનેજમેન્ટ, ગુજરાત યુનિવર્સિટીમાં યોજાશે.
- પ્રશ્નપત્રો ને લગતી કોઇપણ વિસંગતતા ની લેખિત ફરિયાદ/રજુઆત પરીક્ષાના દિવસે સાંજે ૪.૦૦ વાગ્યા સુધીમાં મેઈન સેન્ટર કે.એસ.સ્કુલ ઑફ બિઝનેશ મેનેજમેન્ટ, ગુજરાત યુનિવર્સિટી ખાતે જમા કરાવવાની રહેશે. ત્યાર પછીની આવેલ કોઇપણ રજૂઆત/વાંધા સ્વીકારવામાં આવશે નહી.
- અન્ય યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ પ્રવેશ પરીક્ષા પાસ કર્યા બાદ આર.ડી.સી./આર.એ.સી. પહેલા પ્રોવિઝનલ એલીજીબીલીટી સર્ટીફિકેટ (PEC) મેળવી જે તે વિભાગમાં રજુ કરવાનું રહેશે.
- કોઇપણ પ્રવેશ પરીક્ષાઓના કોઇપણ પ્રશ્નપત્રો વિદ્યાર્થીઓને આપવામાં આવશે નહી. પરીક્ષા બાદ પ્રશ્નપત્રો પરત લઇ લેવામાં આવશે.
- મેડિકલ ફેકલ્ટીમાં એલીજીબીલીટી MCI/NMC ના નિયમ મુજબ રહેશે.

-Sd-